**ચૂંટણી અગત્યનું**
તાત્કાલિક

નં.ઈએલસી/સ્ટાફ/માહિતી/ર/વશી /૨૦૧૪
**મદદનીશ મતદાર નોંધણી અધિકારી અને**
**મામલતદાર** કચેરી, જલાલપોર, નવસારી,
તા.૧૩–૦૨–૨૦૧૪



પ્રતિ
કુલ સચિવશ્રી
નવસારી કૃષિ યુનિ. એરૂ.
તા.જલાલપોર
જી. નવસારી

કુલસચિવ વિભાગ, ન.કૃ.યુ., નવસારી
જ.ઇ.નં. ૧૨૦૩
તા. 7 FEB 2014
એડીએમ-૩ શાખા

**વિષય : લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૧૪.**
– ચૂંટણી ફરજ પરના સ્ટાફનો ડેટાબેઝ તૈયાર કરવા બાબત.

જયભારત સહ ઉપરોકત બાબતે જણાવવાનું કે, મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગરના તા.૨૩–૦૭–૨૦૧૩ના પત્ર ક્રમાંક : ઈએલસી/ ૨૦૧૩/ ૪૧૨૮/ છ તથા ચૂંટણી આયોગ, નવી દિલ્હીના તા.૧૮–૦૬–૨૯૧૩ના પત્ર ક્રમાંક : 52/2013/SDR મુજબ આપના ધ્વારા મોકલવામાં આવેલ સ્ટાફની માહિતીનો ડેટાબેઝ તૈયાર કરવામાં આવેલ છે.આપની કચેરી ધ્વારા આપના તથા આપના તાબાની તમામ કચેરી/શાળાના અધિકારી/ કર્મચારીઓની માહિતી સમગ્ર ડેટા બેઈઝ તૈયાર કરવામાં આવેલ છે.જેની નકલ સામેલ છે.જેની વિગતવાર ચકાસણી કરવા અગાઉ પત્રથી જાણ કરવામાં આવેલ છે.અને જરૂરી પ્રમાણપત્ર પણ મોકલવામાં આવેલ છે.પરંતુ તેમ છતા અમુક કર્મચારી/અધિકારીઓની બદલી થયેલ તથા બદલીથી આવેલ કર્મચારી /અધિકારીઓની માહિતી બાકી રહી ન જાય તથા આપના તાબાના કોઈ કર્મચારીની માહીતી બાકી રહી ગયેલ હોય તે માટે ફરી ચૂંટણીપંચની સુચના મળેલ છે.જેથી **આપની તથા આપના કાર્યક્ષેત્ર હેઠળની કોઈપણ કચેરીની માહિતી મોકલવાની બાકી રહી જવા ન પામે તેની તકેદરી રાખી નવા બદલી થઈ આવેલ કર્મચારીની માહીતી બાકી હોય તો દિન–૦રમાં તાત્કાલીક નિયત નમૂનામાં મોકલવા વિનંતી છે.તથા આપના કાર્યક્ષેત્ર હેઠળની કોઈપણ કચેરીની તથા કર્મચારીની માહિતી મોકલવાની બાકી નથી તેવું પ્રમાણપત્ર ફરી મોકલવા તેમજ ચૂંટણી પંચે આપેલ ફોર્મેટ મુજબ માહિતી દરેક કોલમમાં ભરી** સંપૂર્ણ ચકાસણી કરીનેજ અત્રે મોકલવા વિનંતી છે.

-Health
-Water supply
-Electricity
-Guest house manager

સબબ, આગામી લોકસભાની ચૂંટણીના સંદર્ભે મતદાન સ્ટાફ માટે નિયૂકત કરવાના થતા ડેટાબેઝમાં કોઈ મુશ્કેલી ન પડે તે બાબત ધ્યાનમાં રાખીને માહિતી સમયમર્યાદામાં અત્રે મોકલવા વિનંતી છે.

**મદદનીશ મતદાર નોંધણી અધિકારી**
**અને**
**મામલતદાર જલાલપોર**

A.3.3
Urgent / સમય-મર્યાદા.
15/2/14

**નકલ સવિનય રવાના :– માન.ના.જિલ્લા ચૂંટણી અધિકારી સાહેબ નવસારી તરફ.**
**નકલ સવિનય રવાના :– માન.૧૭૪–વિધાનસભા મતદાર નોંધણી અધિકારી અને**
**ના.જિલ્લા વિકાસ અધિકારી સાહેબ નવસારી તરફ.**

16/2
Upload on website

15 FEB 2014

**જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/૨૫૯૯–૨૬૧૯/૨૦૧૪**
**નવસારી** **તા. ૧૯ /૦૨/૨૦૧૪**

19-2-14

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**<u>નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારૂ:–</u>**

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ અધિકારીશ્રીઓ તરફ.

૨/– સદર પત્રમાં જણાવ્યા મુજબ લોકસભા સામાન્ય ચૂંટણી –૨૦૧૪ દરમ્યાન ચૂંટણી અંગેની સ્ટાફની માહિતી તાત્કાલિક બપોરઃ ૩–૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીને જાણ હેઠળ મદદનીશ મતદાર નોંધણી અધિકારીશ્રી અને મામલતદાર જલાલપોર, નવસારીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

**ચૂંટણી અગત્યનું.**
**સમયમર્યાદા**

નં.ઈએલસી/સ્ટાફ ડેટાબેઝ/વશી-૧૩૯૫/૨૦૧૪
કલેકટર કચેરી, ચૂંટણી શાખા,
નવસારી, તા. ૧૨/૦૨/૨૦૧૪.

પ્રતિ,
(૧) ચૂંટણી અધિકારી,
૧. ૧૭૪-જલાલપોર વિ.સ.મ.વિ. અને નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, નવસારી.
૨. ૧૭૫-નવસારી વિ.સ.મ.વિ. અને પ્રાંત અધિકારીશ્રી નવસારી.
૩. ૧૭૬-ગણદેવી વિ.સ.મ.વિ. અને પ્રાંત અધિકારીશ્રી,ચીખલી.
૪. ૧૭૭-વાંસદા વિ.સ.મ.વિ. અને આયોજન સહ તાલુકા વિકાસ અધિકારીશ્રી વાંસદા.
(૨) મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી,
નવસારી (શહેર) / નવસારી (ગ્રામ્ય) / જલાલપોર / ગણદેવી / ચીખલી / વાંસદા.

**વિષય : લોકસભાની સામાન્ય ચૂંટણી – ૨૦૧૪**
**સ્ટાફ ડેટાબેઝ અધતન કરવા બાબત.**

ઉપરોકત વિષય પરત્વે જયભારત સાથે જણાવવાનું કે, તાબાની કચેરીઓ પૈકી કેટલીક કચેરીઓ તરફથી મળેલ રજુઆત મુજબ સ્ટાફ ડેટાબેઝમાં કર્મચારીઓની બદલી,બઢતી અને નિવૃત્તિ તથા નવી નિમણૂંકને કારણે ધણા ફેરફારો થયેલ છે. જેથી પુનઃ વેરીફિકેશન કરાવવાની જરૂરીયાત જણાવેલ છે. આથી સુચના આપવામાં આવે છે કે આપના વિભાગ ધ્વારા કરવામાં આવેલ રેગ્યુલર અને અધર ઓર્ગેનાઈઝેશનમાં સ્ટાફ ડેટાબેઝની ડેટા એન્ટ્રીની ઓર્ગેનાઈઝેશન વાઈઝ પ્રિન્ટ આઉટ કાઢી આ સાથે સામેલ રાખેલ નમૂનાના પત્રમાં આપની કચેરીનું સરનામુ અને સહી સિકકા કરી પત્રની નકલ સાથે બીડી સંબંધિત કચેરીના વડાને મોકલી આપવા વિનંતી છે. જેથી પુનઃ ખાત્રી કરી તે મુજબ ડેટાબેઝમાં સુધારા વધારા કરી શકાય તમામ કચેરીઓ / શાળાઓ / કોલેજોને પ્રિન્ટ આઉટ પહોંચાડી તા.૧૭-૨-૨૦૧૪ નાં રોજ અત્રે જાણ કરવા વિનંતી છે.

**નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી**
**નવસારી**

**<u>ચૂંટણી અગત્યનું.</u>**
**સમયમર્યાદા**

મામલતદાર કચેરીનું સરનામુ

પ્રતિ,
કચેરી / બેંક / શાળા /કોલેજ
ના વડાનું નામ / સરનામુ
.........................

**વિષય : <u>લોકસભાની સામાન્ય ચૂંટણી – ૨૦૧૪</u>**
**બદલી,બઢતી,નિવૃતિ તથા નવી નિમણૂંકને કારણે સ્ટાફ ડેટાબેઝમાં ફેરફારો અધતન કરવા બાબત.**

**મહાશય,**

ઉપરોકત વિષય પરત્વે જયભારત સાથે જણાવવાનું કે, આગામી લોકસભા સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને જિલ્લામાં આવેલ તમામ કચેરીઓ,બેંકો,વિમા કંપનીઓ, શાળાઓ,કોલેજો વિગેરેમાં ફરજ બજાવતા અધિકારી / કર્મચારીની વિગતો મેળવીને નિયત સોફટવેરમાં સ્ટાફ ડેટાબેઝ તૈયાર કરવામાં આવેલ છે. અત્રેને મળેલ માહિતી મુજબ તાજેતરમાં કેટલીક કચેરીઓ / બેંકોમાં થયેલ બદલીઓને કારણે જુની સ્ટાફની માહિતીમાં કેટલાક ફેરફારો કરવાના થાય છે. આથી હાલમાં સ્ટાફ ડેટાબેઝમાં ઉપલબ્ધ આપની કચેરીના કર્મચારીઓની વિગતની પ્રિન્ટ આઉટ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. તો તેમાં જણાવેલ કર્મચારીઓ પૈકી કોઈ કર્મચારીની બદલી,બઢતી નિવૃતિને કારણે ફેરફાર થયેલ હોય અથવા નવી નિમણૂંક થયેલ હોય તો તે વિગતો ધ્યાને લઈ ડેટાબેઝમાં જો કોઈ ફેરફાર કરવાનો થતો હોય તો તે મુજબ સુધારા–વધારા આ પત્રકમાં જ કરીને અથવા જરૂર જણાયે પુરક શીટ ઉમેરીને વિગતો અધતન કર્યા બદલ કર્મચારીની વિગતોની નીચેના ભાગે નીચેના નમૂનાના પ્રમાણપત્ર સહિત આપની કચેરીના સહી સિકકા કરી તા.૨૮–૨–૨૦૧૪ સુધીમાં રૂબરૂમાં અથવા ટપાલથી અત્રેની કચેરીને મળે તે રીતે મોકલી આપવા વિનંતી છે. આગામી લોકસભાની ચૂંટણીઓ નજીક હોવાથી તેમજ તે પહેલા તમામ સ્ટાફની નિમણૂંક અને તાલીમની કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવાની હોઈ તા.૨૮–૨–૨૦૧૪ પહેલા કોઈપણ સંજોગોમાં માહિતી અત્રેની કચેરીને મળે તે જોવા વિનંતી છે.

(૧) પ્રમાણપત્ર– " આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી–૨૦૧૪ ના કામે તૈયાર કરવામાં આવેલ સ્ટાફ ડેટાબેઝમાં જણાવેલ અત્રેની કચેરીની વિગતોની મે જાતે ખાત્રી કરી લીધી છે. તેમાં કોઈ ફેરફાર કરવાપાત્ર નથી / અથવા જયાં ફેરફાર કરવાપાત્ર હતો તે મને મળેલ પ્રિન્ટ આઉટમાં જ મેં ઉપર મુજબ ફેરફારની વિગતો દર્શાવેલ છે. હવે કોઈ કર્મચારીની વિગતો મોકલવાની બાકી રહેતી નથી. આઉટ સોર્સથી

ફરજ બજાવતા પટાવાળા / વર્ગ–૪ ના કર્મચારીઓની વિગતો પણ અમોએ સદરહું ડેટાબેઝમાં સમાવેશ કરી મોકલી આપેલ છે. જે બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

(૨) સદરહું ડેટાબેઝમાં જે કર્મચારીની બેંક ખાતા નંબર અને બેંકના નામની વિગતો ભરવામાં આવેલ ન હોય તે અચૂક ભરી દેવી.

(૩) સદરહું ડેટાબેઝમાં જે અધિકારી / કર્મચારીના મતદારયાદીના ભાગ નં./ક્રમ નં.ની વિગતો દર્શાવવામાં આવેલ ના હોય ત્યાં પણ અચૂક આ વિગતો ભરવી. જો આવા કર્મચારીનું નામ મતદારયાદીમાં ના હોય તો તેઓ પાસે ફોર્મ–૬ (નમૂનો–મામલતદાર કચેરી અથવા ગામની પ્રાથમિક શાળામાંથી મળી રહેશે.) ભરાવીને મામલતદાર કચેરીને અચૂક મોકલી આપવાનું રહેશે. જો કોઈ કર્મચારી અત્રેના જિલ્લામાં રહેતો હોવા છતાં જિલ્લાની મતદારયાદીમાં પોતાનું નામ નોંધાવવાની ના પાડે તો તેવા કિસ્સામાં તેઓનું ધ્યાન દોરવું કે કાયદા અનુસાર તમો આ જિલ્લાના સામાન્ય રહીશ હોવા છતાં જો તમો આ જિલ્લાની મતદારયાદીમાં નામ નહી નોંધાવો અને અન્ય જિલ્લામાં નામ ચાલુ રાખશો તો તેમ કરીને તમો કાયદાનું ઉલ્લંઘન કરી રહેલા છો. તેમ જણાવ્યા પછી પણ જો તેઓ આ જિલ્લાના સામાન્ય રહીશ હોવા છતાં જિલ્લાની મતદાર યાદીમાં નામ નોંધાવવાની ના પાડે તો તેઓ પાસેથી કચેરીના વડાએ તે મતલબની બાંહેધરી લખાવી લેવાની રહેશે. અને આવી વ્યકિતગત બાંહેધરી સંબંધિત કર્મચારી પાસેથી મેળવી અત્રેની કચેરીને મોકલી આપવાની રહેશે.

ઉપરોકત બાબતો ચૂંટણીલક્ષી હોઈ તેને ટોચ અગ્રતા આપી તા.૨૮–૨–૨૦૧૪ સુધીમાં આ કચેરીમાં રૂબરૂ / ટપાલથી મળી જાય તે રીતે મોકલી આપવા ફરીથી જણાવવામાં આવે છે.

આપનો વિશ્વાસુ

પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે અત્રેની કચેરીમાં જણાવેલ કર્મચારી હાલમાં ફરજ બજાવે છે આ સિવાઈ અનય કોઈ પણ કર્મચારી કે હંગામી /આઉટ સોર્સથી લીધેલ કર્મચારી ફરજ બજાવતા નથી ઉપરોક્ત માહિતીમાં તમામ હંગામી અને રેગ્યુલર કર્મચારીઓનો સમાવેશ કરી દેવામાં આવેલ છે મુકિત આપવા પાત્ર કર્મચારીના કિસ્સમાં તે મુજબ નોંધ રિમાર્કસના કોલમમાં કરી દેવામાં આવેલ છે ખોટી માહિતી આપવી તે લોકપ્રતિનીધીત્વ અધિનીયમન ૧૯૫૧ હેઠળ શિક્ષાપાત્ર ગુનો બને છે તે હું સારી રીતે સમજુ છુ અત્રેની કચેરીમાં ફરજ બજાવતા અને પગાર મેળવતા/મહેનતાણા મેળવતા તમામ કર્મચારીઓનો આ માહિતીમાં સમાવેશ કરી લેવામાં આવેલ છે.

અધિકારીની સહી

કચેરીનું સીલ